**ફોજદારી કેસ નંબરઃ–૯૭૮/૨૦૨૫**

**// આંક ૧ લગત હુકમ //**

(૧) ફરિયાદીનાઓએ થરાદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૫૦૭૫૬/૨૦૨૫, બી.એન.એસ. એક્ટની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુનાની ફરીયાદ નોંધાવતાં તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ. એક્ટની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ સામેના ગુનાનું તહોમત ધ્યાને લેતાં સમાધાન પાત્ર હોય અને આરોપીઓ મળી આવતા ન હોય ફરીયાદી અને ચોરાયેલ મિલકતના માલીકને સમન્સ કાઢવામાં આવતા તેઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ અને આંક–૧૧થી સમાધાન(માંડવાળ) પુરસીસ રજુ કરેલ છે.

(૩) આમ, આરોપીઓને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરિયાદી/ભોગ બનનારે આપેલ પુરસીસમાં આરોપીઓની સહી ન હોય તો પણ આ અદાલત આરોપીઓ વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નવનીતભાઈ રતીભાઈ અધ્યારુ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮(૩) જી.એલ.આર.–૨૨૩૭નો ચુકાદો વંચાણે લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

<u>ઉપરોકત ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે,:–</u>

૧. બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે દ્વીપક્ષીય પ્રક્રિયા નથી.

૨. બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯(૧) અને ૩૫૯(૨) મુજબ કમ્પોઝીશનની અરજી સુંદર કલમના કોઠાની કલમ નં.૩ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

૩. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીઓની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહી.

૪. બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતાં અદાલત આરોપીઓને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

૫. બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું સંજ્ઞાન લેતાં પહેલાં ઈન્વીસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંત ધ્યાને લેતાં સદર સિધાંત મુજબ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ મુજબ ગુનો દરગુજર કમ્પાઉન્ડીંગ કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીઓની સહીની જરૂરીયાત નથી તેમજ આરોપીઓની અદાલત સમક્ષની હાજરી પણ ફરજિયાત નથી તેમજ આરોપીઓને હાજર રાખવા ફરજ પાડી શકાય

નહી તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ અન્વયે ચોરાયેલ મિલકતના માલીક ગુનો કમ્પાઉન્ડીંગ કરી શકે છે. હાલના કેસમાં ચોરાયેલ મિલકતના માલીકે આંક–૦૫થી પુરસીસ આપેલાનું જણાઈ આવતુ હોવાથી તથા વિ.એ.પી.પી.શ્રીની પુરસીસ ઉપર સહી લઈ આ અદાલતે સમાધાન રેકર્ડ ઉપર નોધવું ન્યાયોચિત જણાઈ આવતુ હોવાથી સમાધાન પુરસીસ રેકર્ડ ઉપર નોધી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**––//આખરી હુકમ//––**

૧. આરોપીઓ–(૧) પ્રકાશભાઈ ઉર્ફે અરવિંદભાઈ હેમાભાઈ નગાભાઈ ચૌધરી(સિલાણા), (૨) દિનેશભાઈ ભુરાભાઈ જેમલભાઈ હડિયલ, બંને રહે.મલુપુર, તા.થરાદ, જી.વાવ–થરાદવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯(૧) અન્વયે તેમની સામે નોધાયેલ બી.એન.એસ. એક્ટની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલ તેના મુળ માલિકની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજરોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

હુકમ આજરોજ તારીખ–૧૧મી માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજની લોક–અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ– થરાદ.
તારીખઃ–૧૧/૦૭/૨૦૨૬

[ **આર. કે. જાની** ]
જ્યુડી.મેજી. (ફ.ક.), થરાદ.
–– કોડ નં–જી.જે.૦૧૬૫૮––